**Registration No: REFER-T-LC/58/2005**
**Filing No.: REFER-T-LC/58/2005**
**Filed On: 16/07/2005**
**Registered On : 09/09/2015**
**Decided on : 14/02/2018**
**Duration: dd/mm/yy-05-05-02**

**IN THE LABOUR COURT AT ANAND**

**Referance T NO. 58 OF 2005.**

**REFER-T-LC/58/2005** **Exh.35**

**Second Party :**

1. **NATVARSINH AMARSINH RAULJI**
   **JOSHI NI KHADKI, VAATAMA, At.SARSA, Ta.Di.ANAND**
   **C/O.GUJARAT RAJYA SAHKARI MANDLI KARMACHARI SANGH**
   **MAJOOR SEVALAY, STATION ROAD,**
   **At.Ta.PETLAD, Di.ANAND**

**VERSUS**

**First Party :**

1. **CHAIRMAN SHRI, SARSA SAHAKARI GRAHAK BHANDAR LTD.**
   **At.SARSA, BAJARMA, Ta.Di.ANAND**

**Appearance:**
**ARUNBHAI DESAI Union Representative For Second Party**
**B.R.SHAH Advocate For First Party**

---

વિષયઃ પડેલા દિવસોના પગાર સહીત અસલ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા અંગે.......

**-: એ વો ર્ડ : -**

(૧) બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર વિરૂઘ્ધ ઔઘોગિક તકરાર ઉપસ્થિત કરતાં તેમાં સમાધાન નિષ્ફળ જતાં મદદનીશ શ્રમ આયુકત, આણંદનાએ તેઓના હુકમ ક્રમાંક : નં. કે.એચ.આર./૨૦૦૨/આઈ.ડી.આર./૧૨૯/૨૦૦૫ તા. ૦૫/૦૭/૨૦૦૫ માં જણાવ્યા મુજબની અનુસુચિ પ્રમાણે ઔઘોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ ની કલમ-૧૦(૧)(સી) મુજબ અત્રેની અદાલતને રેફરન્સ કરેલ છે.

**અનુસુચિ :- નટવરસિંહ અમરસિંહ રાવલજીને તેમના પડેલા દિવસોના પગાર સહીત નોકરીની સળંગતા સહીત મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા**

જોઈએ કે કેમ?

(૨) બીજા પક્ષકાર તરફે આંક : ૫ થી માંગણા નિવેદન રજુ કરી એવી રજુઆત કરેલ છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારને ત્યાં સને ૧૯૭૧ થી મેનેજર તરીકે કાયમી કર્મચારી તરીકે ખંત અને વફાદારીપૂર્વક, પ્રમાણિકપણે, શિસ્તબધ્ધ રીતે ફરજો બજાવતા આવેલ છે. બીજા પક્ષકારને તેમની ફરજ દરમ્યાન કોઈ મૌખિક ચેતવણી, ઠપકો, દંડ, મેમો કે કારણદર્શક નોટીસ કોઈપણ કસુર બદલ આપવામાં આવેલ નથી. આમ બીજા પક્ષકારની કામગીરીનો રેકોર્ડ તદ્દન ચોખ્ખો અને ખામી વિનાનો છે. બીજા પક્ષકાર સને ૧૯૭૧ થી મેનેજર તરીકે માસિક રૂા. ૧૯૦૦/- વેતનથી ફરજો બજાવતા હતા અને મેનેજર તરીકે બીજા પક્ષકારે સંસ્થાની વેચાણ વસ્તુઓની દેખરેખ રાખવાની કામગીરી કરતા હતા. બીજા પક્ષકાર ઉપર વ્ય. કમિટી તથા ચેરમેન હતા. તેઓ તરફથી મળતા આદેશ મુજબ અન્ય કામગીરી બીજા પક્ષકારે કરવાની હતી અને બીજા પક્ષકાર પાસે કોઈ વહીવટી સત્તા ન હતી. પ્રથમ પક્ષકાર સંસ્થામાં ખાતર વેચાણની અવ્યવસ્થાના કારણે બીજા પક્ષકાર સામે તપાસ અધિકારીએ રીપોર્ટ આપેલ જેમાં વ્ય. કમિટી સાથે બીજા પક્ષકારને સંડોવવામાં આવેલા અને કાયદેસરની તપાસ કર્યા વિના રૂા. ૬૨,૨૨૨.૭૫ પૈસાની જવાબદારી બીજા પક્ષકારના શીરે લાદી દેવામાં આવેલ હતી અને તે જવાબદારી બીજા પક્ષકારની થતી ન હોઈ જવાબદારી સ્વીકારેલ નથી જેથી બીજા પક્ષકારે આ રીપોર્ટ સામે ટ્રીબ્યુનલમાં વિવાદ ઉપસ્થિત કરેલ જે હાલ ચાલુ છે. બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર વચ્ચે માલિક-મજુરના સંબંધો પ્રસ્થાપિત થયેલ હોઈ મજુર કાયદાઓ લાગુ પડે છે અને મજુર કાયદાની જોગવાઈઓ મુજબ બીજા પક્ષકારને કાયદેસર કોઈ નોટીસ કે બચાવની તક આપવામાં આવેલ નથી કે મજુર કાયદા મુજબ કોઈ તપાસ કરવામાં આવેલ નથી અને એકાએક તા. ૧૩/૦૪/૨૦૦૫ ના રોજના હુકમથી તા. ૧૫/૦૪/૨૦૦૫ થી સંસ્થામાંથી ફરજ પરથી દુર કરવામાં આવેલ છે. વધુમાં પ્રથમ પક્ષકાર સંસ્થા સહકારી કાયદા હેઠળ રજીસ્ટર્ડ થયેલ છે. જેતે મજુર કાયદા ઉપરાંત શોપ એક્ટ પણ લાગુ પડે છે છતાં બીજા પક્ષકારને લઘુત્તમ

વેતનધારા મુજબ પગારો આપવામાં આવેલ નથી અને જ્યારે પગાર વધારાની મૌખિક વિનંતી કરતા ત્યારે સંસ્થાની પરિસ્થિતિ બરાબર ન હોવાના લુલા બચાવ કરી બીજા પક્ષકારની માંગણીને ઠુકરાવવામાં આવતી હતી. પ્રથમ પક્ષકાર સંસ્થાના અનિવાર્ય સંજોગોને કારણે સંસ્થામાં વહીવટદારની નિમણુંક થયેલી અને વહીવટદાર સમક્ષ બીજા પક્ષકારે નોકરીમાં પુનઃકામે લેવા વિનંતી કરેલ છતાં તેમના તરફથી પણ "ઉપરથી દબાણ હોવાથી મારાથી કાંઈ થાય તેમ નથી" આવા જવાબો મળતા હતા. આમ બીજા પક્ષકાર ઉપર અંગત દ્વેષપૂર્વક કિન્નાખોરી રાખી ફરજીયાત બેકાર બનાવવામાં આવેલ છે. બીજા પક્ષકારે સાચી રજુઆત જીલ્લા રજી. સમક્ષ કરેલી પરંતુ ત્યાંથી પણ બીજા પક્ષકારને કોઈ સંતોષકારક જવાબ ન મળતાં છેવટે યુનિયન મારફતે વિવાદ ઉપસ્થિત કરતાં સંસ્થાના વહીવટકર્તા તરફથી કોઈ સમાધાનકારી વલણ ન અપનાવતાં હાલનો વિવાદ ન્યાય નિર્ણય માટે અત્રેની અદાલતને સુપ્રત કરેલ છે. વધુમાં સંસ્થાના વ્ય. કમિટી સભ્યો તેમજ બીજા પક્ષકાર પાસે રૂા. ૬,૨૨,૨૨૭.૩૫ પૈસા વસુલ લેવા શ્રી જી.એમ.જોષી સાહેબે તા. ૨૨/૦૬/૨૦૦૪ ના રોજ હુકમ કરેલ જેને બીજા પક્ષકારે ટ્રીબ્યુનલમાં પડકારેલ છે. તે અગાઉ સંસ્થામાં તા. ૧૭/૦૮/૨૦૦૨ થી વહીવટદારની નિમણુંક થતાં ચાર્જ શ્રી એન.એસ.પંચાલ સાહેબે સંભાળેલ. વહીવટદારશ્રી પંચાલ સાહેબની મુદત પુરી થતાં જીલ્લા રજીસ્ટ્રાર સાહેબ આણંદે સંસ્થાનો વહીવટ કરતાં મહીલા કમિટીને સોંપવામાં આવેલ અને તેમના વહીવટ દરમ્યાન તેમના ઘરવાળાએ ઠરાવ કરી વહીવટ કરવાની સત્તા મેળવી લીધી અને સત્તા મેળવ્યા પછી સરકારી અનાજ, કેરોસીન વિગેરેના વિતરણમાં ગેરરીતીઓ ચાલુ કરી જેથી બીજા પક્ષકારે જણાવેલ કે આ ખોટી જવાબદારી લેવા માટે અમો તૈયાર નથી એટલે તેઓએ પોતાની અંગત જવાબદારી લઈ જરૂરી ઠરાવો કરી ગેરરીતીઓ ચાલુ રાખી જીલ્લા પુરવઠા અધિકારીશ્રી તરફથી તપાસ થતાં પુરવઠા અંગેની ગંભીર ક્ષતિઓ માલુમ પડતાં સરકારી માલ, કેરોસીન વિગેરેના લાયસન્સ ત્રણ માસ માટે બંધ કરી દીધેલા તેની જાણ જીલ્લા રજીસ્ટ્રારશ્રી, આણંદને થતાં વહીવટી કમિટીને ક્ષતિઓ દુર

કરવામાં આવી. છેલ્લે વહીવટી કમિટીએ મેનેજરને હોદ્દો પાછો સુપ્રત કરેલ તે પછી વહીવટદાર તરીકે વી.એચ.બારોટ સાહેબ આવેલા અને તેઓ ઉપર રાજકીય દબાણ આપવાથી મને તા. ૧૩/૦૪/૨૦૦૫ ના રોજથી મેનેજરના હોદ્દા ઉપરથી દુર કરવામાં આવેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારને છુટા કરતાં કોઈ કાયદેસરની નોટીસ આપી તપાસ કરેલ નથી અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબ બચાવની તક આપેલ નથી. આથી પ્રથમ પક્ષકારનું બીજા પક્ષકારને છુટા કરવાનું પગલું તદ્દન ગેરવ્યાજબી, ગેરકાયદેસર અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબ બીજા પક્ષકારને મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરવા પેરા–૧૩ માં જણાવ્યા પ્રમાણે દાદ માંગેલ છે.

(૩) આ કામે તા. ૧૫/૦૨/૨૦૧૩ ના રોજ ઉપરોક્ત રેફરન્સના કામે મારા પુરોગામીશ્રીએ આખરી હુકમ કરેલ. જે હુકમ સામે આ કામના પ્રથમ પક્ષકારે અત્રેની અદાલતમાં પરચુરણ અરજી નં. ૨૦/૨૦૧૫ ની દાખલ કરેલ. જે પરચુરણ અરજી ચાલી જતાં મારા વિ. પુરોગામીશ્રીએ આંક : ૭ હેઠળ હુકમ કરી પ્રથમ પક્ષકારે હુકમ મુજબ રૂા. ૩૦૦૦/– ડીપોઝીટ કર્યેથી મૂળ રેફરન્સ નં. ૫૮/૨૦૦૫ ફરી ફાઈલે લેવાનો હુકમ કરેલ. જે અનુસંધાને અત્રેની અદાલત તરફથી તા. ૦૯/૦૯/૨૦૧૫ ના રોજ સદર રેફરન્સને રીસ્ટોર કરવામાં આવેલ છે. આમ સદર રેફરન્સ રીસ્ટોર થયા બાદ અદાલત તરફથી તા. ૦૯/૦૯/૨૦૧૫ ના રોજ બન્ને પક્ષકારોને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલી. જે નોટીસો બજી જતાં પ્રથમ પક્ષકાર તરફે હાજર થઈ આંક : ૨૬ થી લેખિત જવાબ આપી બીજા પક્ષકારના માંગણા નિવેદનની હકીકતોનો ઈન્કાર કરી એવી તકરાર લીધેલ છે કે, અમો પક્ષકારો વચ્ચે નોકર–માલિકના સંબંધો અસ્તિત્વમાં ન હોય રેફરન્સ રદ થવાને પાત્ર છે. બીજા પક્ષકાર મેનેજર કક્ષાની ગણતરીમાં હોય કામદારની વ્યાખ્યામાં આવતા ન હોય જેથી પણ હાલનો રેફરન્સ ચાલી શકે તેમ ન હોય રેફરન્સ રદ થવાને પાત્ર છે. વધુમાં બીજા પક્ષકાર જે સમયે નોકરી પર હતા તે સમયે તેઓએ ઉચાપત કરેલ હોય અર્થાત સંસ્થાનો વિશ્વાસ ગુમાવેલ હોય અને તેઓના ગેરવહીવટને કારણે સંસ્થા બંધ થવાના

આરે થતાં સંસ્થામાં વહીવટદારની નિમણુંક સને ૨૦૦૨ માં કરવામાં આવેલ અને સંસ્થાને ચાલુ રાખવામાં આવેલ. જેથી પણ બીજા પક્ષકારે સંસ્થાનો વિશ્વાસ ગુમાવી દીધેલ છે. વધુમાં બીજા પક્ષકારે સંસ્થામાં ઉચાપત/ગેરરીતી કરેલ તેમાં તપાસમાં તેઓ કસુરવાન સાબિત થતાં તેઓ સામે હુકમ થયેલ તેના નાણા પણ આજદિન સુધી જમા કરાવેલ નથી. આમ બીજા પક્ષકાર પોતેજ જવાબદાર અધિકારી હોવા છતાં આટલી મોટી રકમની ઉચાપત થયેલ હોય સંસ્થાને બીજા પક્ષકાર ઉપર વિશ્વાસ રહેલ ન હોઈ કોમ્પેનસેટરી કોસ્ટ સાથે બીજા પક્ષકારનો રેફરન્સ રદ કરવા વિનંતી કરેલ છે.

(૪) બીજા પક્ષકાર તરફે હાલના કેસની હકીકતો પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજુ કરેલ છે.

<u>મૌખિક પુરાવો</u> :–

(૧) આંક : ૧૩ થી નટવરસિંહ અમરસિંહ રાવલજીનુ જુબાનીનુ સોગંદનામુ રજુ કરેલ છે.

(૨) આંક : ૨૯ થી બીજા પક્ષકાર તરફે નટવરસિંહ અમરસિંહ રાવલજીનુ વધારાની જુબાનીનુ સોગંદનામુ રજુ કરેલ છે.

<u>દસ્તાવેજી પુરાવો</u> :–

(૧) નિ. ૧૧/૧ થી પ્રથમ પક્ષકાર સંસ્થાના વહીવટદારે તા. ૧૩/૦૪/૨૦૦૫ ના રોજ બીજા પક્ષકારને દુર કરવા (છુટા કરવા) આપેલ હુકમ છુટા કર્યા તા. ૧૫/૦૪/૨૦૦૫.

(૨) નિ. ૧૧/૨ થી બીજા પક્ષકારે તા. ૧૩/૦૪/૨૦૦૫ ના રોજ વહીવટદારને દુર કરવા બાબતે તથા તા. ૧૪/૦૪/૨૦૦૫ ના રોજ હાજર ન રહેવા બાબતે કરેલ રજુઆતનો પત્ર.

(૩) નિ. ૧૧/૩ થી બીજા પક્ષકારે તા. ૨૦/૦૪/૨૦૦૫ ના રોજ તેમને દુર કરવા બાબતે જીલ્લા રજીસ્ટ્રારશ્રી, આણંદને કરેલ રજુઆતનો પત્ર.

(૪) નિ. ૧૧/૪ થી બીજા પક્ષકારે તા. ૦૯/૦૮/૨૦૦૫ ના રોજ જીલ્લા રજીસ્ટ્રારશ્રી, આણંદને પુનઃસ્થાપિત કરવા કરેલ રજુઆતનો પત્ર.

(૫) નિ. ૧૧/૫ થી જીલ્લા રજીસ્ટ્રારશ્રી, આણંદે બીજા પક્ષકારની પુનઃસ્થાપિત થવાની રજુઆત બાબતે તા. ૧૧/૦૮/૨૦૦૫ ના રોજ વહીવટદારને પાઠવેલ પત્રની નકલ.

(૬) નિ. ૧૧/૬ થી તા. ૧૭/૦૮/૨૦૦૨ નો જીલ્લા રજીસ્ટ્રારશ્રી, આણંદનો હુકમ જે અન્વયે પ્રથમ પક્ષકાર સંસ્થાના વહીવટદાર તરીકે એન.એસ.પંચાલને નીમેલ તેની નકલ.

(૭) નિ. ૧૧/૭ થી પ્રથમ પક્ષકાર સંસ્થાના વહીવટદાર તરીકે તા. ૧૭/૦૮/૨૦૦૨ ના પ્રોસીડીંગ્સ તથા ઠરાવોની નકલ.

(૮) નિ. ૧૧/૮ થી તા. ૨૨/૦૬/૨૦૦૪ ના રોજ પ્રથમ પક્ષકાર સંસ્થાના તપાસણી અધિકારી જી.એમ.જોષીનો હુકમ જેમાં વ્ય. સભ્યો સાથે બીજા પક્ષકારની રૂા. ૬૨,૨૨૨.૭૩ ની જવાબદારી નક્કી કરેલ તેની નકલ.

(૯) નિ. ૧૧/૯ થી પ્રથમ પક્ષકાર સંસ્થાની વહીવટી કમિટીના તા. ૧૮/૦૨/૨૦૦૫ ના ઠરાવ નં. ૭ ની નકલ મિટીંગ તા. ૧૭/૦૨/૨૦૦૫.

(૧૦) નિ. ૧૧/૧૦ થી પ્રથમ પક્ષકાર સંસ્થાના તપાસણી અધિકારીના હુકમ વિરૂધ્ધ તા. ૨૬/૦૭/૨૦૦૪ ના રોજ કો.ઓ.ટ્રીબ્યુનલમાં અપીલ કરેલ તે હુકમની નકલ.

(૧) નિ. ૧૨/૧ થી પ્રથમ પક્ષકાર સંસ્થાના વહીવટદારે તા. ૧૩/૦૪/૨૦૦૫ ના રોજ બીજા પક્ષકારને દુર કરવા (છુટા કરવા) આપેલ હુકમ છુટા કર્યા તા. ૧૫/૦૪/૨૦૦૫.

(૨) નિ. ૧૨/૨ થી બીજા પક્ષકારે તા. ૧૩/૦૪/૨૦૦૫ ના રોજ વહીવટદારને દુર કરવા બાબતે તથા તા. ૧૪/૦૪/૨૦૦૫ ના રોજ હાજર ન રહેવા બાબતે કરેલ

રજુઆતનો પત્ર.

(૩) નિ. ૧૨/૩ થી બીજા પક્ષકારે તા. ૨૦/૦૪/૨૦૦૫ ના રોજ તેમને દુર કરવા બાબતે જીલ્લા રજીસ્ટ્રારશ્રી, આણંદને કરેલ રજુઆતનો પત્ર.

(૪) નિ. ૧૨/૪ થી બીજા પક્ષકારે તા. ૦૯/૦૮/૨૦૦૫ ના રોજ જીલ્લા રજીસ્ટ્રારશ્રી, આણંદને પુનઃસ્થાપિત કરવા કરેલ રજુઆતનો પત્ર.

(૫) નિ. ૧૨/૫ થી જીલ્લા રજીસ્ટ્રારશ્રી, આણંદે બીજા પક્ષકારની પુનઃસ્થાપિત થવાની રજુઆત બાબતે તા. ૧૧/૦૮/૨૦૦૫ ના રોજ વહીવટદારને પાઠવેલ પત્રની નકલ.

(૬) નિ. ૧૨/૬ થી તા. ૧૭/૦૮/૨૦૦૨ નો જીલ્લા રજીસ્ટ્રારશ્રી, આણંદનો હુકમ જે અન્વયે પ્રથમ પક્ષકાર સંસ્થાના વહીવટદાર તરીકે એન.એસ.પંચાલને નીમેલ તેની નકલ.

(૭) નિ. ૧૨/૭ થી પ્રથમ પક્ષકાર સંસ્થાના વહીવટદાર તરીકે તા. ૧૭/૦૮/૨૦૦૨ ના પ્રોસીડીંગ્સ તથા ઠરાવોની નકલ.

(૮) નિ. ૧૨/૮ થી તા. ૨૨/૦૬/૨૦૦૪ ના રોજ પ્રથમ પક્ષકાર સંસ્થાના તપાસણી અધિકારી જી.એમ.જોષીનો હુકમ જેમાં વ્ય. સભ્યો સાથે બીજા પક્ષકારની રૂા. ૬૨,૨૨૨.૭૩ ની જવાબદારી નક્કી કરેલ તેની નકલ.

(૯) નિ. ૧૨/૯ થી પ્રથમ પક્ષકાર સંસ્થાની વહીવટી કમિટીના તા. ૧૮/૦૨/૨૦૦૫ ના ઠરાવ નં. ૭ ની નકલ મિટીંગ તા. ૧૭/૦૨/૨૦૦૫.

(૧૦) નિ. ૧૨/૧૦ થી પ્રથમ પક્ષકાર સંસ્થાના તપાસણી અધિકારીના હુકમ વિરૂધ્ધ તા. ૨૬/૦૭/૨૦૦૪ ના રોજ કો.ઓ. ટ્રીબ્યુનલમાં અપીલ કરેલ તેના હુકમની નકલ.

(૪/૧) જયારે પ્રથમ પક્ષકાર તરફે

<u>મૌખિક પુરાવો</u> :- આંક : ૩૨ થી પ્રવિણસિંહ લક્ષ્મણસિંહ રાઠોડની સોગંદ ઉપર જુબાની

રજુ કરેલ છે.

દસ્તાવેજી પુરાવો :-

(૧) નિ. ૨૭/૧ થી સંસ્થાના કારોબારી/ટ્રસ્ટી મંડળે કરેલ ઠરાવની નકલ તા. ૨૩/૧૨/૧૯૮૫.

(૨) નિ. ૨૭/૨ થી બીજા પક્ષકારને જીલ્લા રજીસ્ટ્રારે આપેલ કારણદર્શક નોટીસ તા. ૦૫/૦૭/૨૦૦૨.

(૩) નિ. ૨૭/૩ થી જીલ્લા રજીસ્ટ્રારે અહેવાલ અનુસંધાને વહીવટી કમિટીને વસુલાત કરવા આપેલ નોટીસ તા. ૦૫/૦૭/૨૦૦૨.

(૪) નિ. ૨૭/૪ થી તપાસ અધિકારીશ્રીનાઓએ આપેલ ઓરોપનામુ તા. ૨૧/૦૫/૨૦૦૪.

ઉપરોક્ત પુરાવાઓ સિવાય બન્ને પક્ષકારો તરફે અન્ય કોઈ પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી.

(૫) બન્ને પક્ષકારો તરફે તેમના વિ. વકીલશ્રી/પ્રતિનીધીશ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે. બીજા પક્ષકાર તરફે તેમની દલીલોના સમર્થનમાં સહકારી ગ્રાહક ભંડાર લી. ના પેટા નિયમો રજુ કરેલ છે.

જ્યારે પ્રથમ પક્ષકાર તરફે તેમની દલીલોના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ કરવામાં આવેલ છે.

(1) 2017 CJ(SC), 297, (Supreme Court), Maharashtra State Cooperative Housing Finance Corporation Ltd. Vs. Prabhakar Sitaram Bhadange.

(2) 2017 CJ(GUJ), 1329, (Gujarat High Court), Baroda Rayon Corporation Vs. Jayantkumar Maganbhai Pachchigar.

ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતો આ કેસના નિર્ણય માટે ધ્યાને રાખવામાં આવેલ છે તથા હાલના કેસની હકીકતો સાથે સરખાવવામાં આવેલ છે.

(૬) રેકર્ડ ઉપરની હકીકતો તથા પુરાવાઓ જોતાં હાલના રેફરન્સના ન્યાયિક નિર્ણય અર્થે નીચે પ્રમાણેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, તેઓ તેમના પડેલા દિવસોના પગાર સહીત નોકરીની સળંગતા સહીત તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત થવા હકકદાર છે?

(૨) શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો કારણો સહીત નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**-: <u>કા ર ણો</u> :-**

(૮) **<u>મુદ્દા નં. ૧</u> :-** આ કામે બીજા પક્ષકારે મદદનીશ શ્રમ આયુક્તશ્રી, આણંદ સમક્ષ તા. ૦૪/૦૫/૨૦૦૫ ના રોજ ફરીયાદ ઉપસ્થિત કરી જણાવેલ હતું કે, તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં મેનેજરના હોદ્દા ઉપર ફરજ બજાવતા હતા અને તેઓને કોઈપણ જાતના કારણ વગર કાયદાનો ભંગ કરી ફરજ મુક્ત કરેલા છે. આ બાબતે અત્રેની અદાલતને રેફરન્સ થતાં તા. ૧૫/૦૨/૨૦૧૩ ના રોજ મારા પુરોગામીશ્રીએ બીજા પક્ષકારનો રેફરન્સ અંશતઃ મંજુર રાખી યોગ્ય હુકમ કરેલો. આ બાબતે સદર એવોર્ડની નકલ પ્રથમ પક્ષકારને બજતાં અત્રેની અદાલતમાં પરચુ.અ. નં. ૨૦/૨૦૧૫ દાખલ કરતાં સદર રેફરન્સને તા. ૨૭/૦૮/૨૦૧૫ ના રોજ ફરી ફાઈલે લઈ પક્ષકારોને નોટીસ કરેલી. જે અનુસંધાને પ્રથમ પક્ષકાર તરફે આંક : ૨૬ થી માંગણા નિવેદનનો લેખિત જવાબ આપી જણાવેલ કે, બીજા પક્ષકારે જે પોતાના હોદ્દા અનુસાર જોવામાં આવે તો મેનેજર કક્ષાના હોદ્દા ઉપર હતા તેવું જણાવેલ છે જેથી તેઓનો કામદારની વ્યાખ્યામાં સમાવેશ થઈ શકે નહીં જેથી તેઓ કામદાર હતા કે નહીં તેની ચર્ચા કરવી જોઈએ તેમજ બીજા પક્ષકારે સંસ્થામાં ઉચાપત અને ગેરરીતી કરેલ છે. તેઓ તપાસમાં કસુરવાર સાબિત થયેલ છે અને ઉચાપતના નાણાં

સંસ્થામાં જમા કરાવેલ નથી. તેઓ સંસ્થામાંથી વિશ્વાસ પણ ગુમાવી દીધેલ છે જેથી રેફરન્સ રદ કરવા રજુઆત કરેલી છે.

આ કામે શ્રમયોગીએ પોતાના માંગણા નિવેદનની હકીકતો પુરવાર કરવા માટે સૌપ્રથમ આંક : ૧૩ થી સોગંદ ઉપર જુબાની આપેલ છે પરંતુ મેટર રીસ્ટોર થયા બાદ તેઓએ આંક : ૨૯ થી વિશેષ જુબાની રજુ કરેલ છે અને પોતાના માંગણાની હકીકતોને સમર્થન આપેલ છે અને જણાવેલ છે કે, જીલ્લા રજીસ્ટ્રાર દ્વારા અમોને સ્પષ્ટ સુચના આપેલ છે કે, તમો ફક્ત કર્મચારી નોકર છો અને તમારે અમારી સુચના સિવાય કોઈપણ વ્યવહારો કરવા નહીં તેવું જણાવેલ છે. આ સાહેદની ઉલટ તપાસમાં એવું જણાવે છે કે, હું બી.એ. પાસ છું. મારી જન્મ તા. ૦૧/૧૦/૧૯૪૭ છે. પ્રથમ પક્ષકાર સંસ્થામાં નોકરીમાં જોડાયો ત્યારે મારો હોદ્દો મેનેજર તરીકે હતો. પ્રથમ પક્ષકાર સંસ્થાનો વહીવટી કમિટીનો ઠરાવ નં. ૭ જોતાં જે તા. ૧૭/૦૨/૨૦૦૫ ના રોજનો છે. તે ઠરાવથી મને મેનેજરના હોદ્દાની સત્તા પરત સોંપવામાં આવેલી. તા. ૨૨/૦૬/૨૦૦૪ ના હુકમ અનુસાર મારા સહીત કુલ-૧૦ વ્યક્તિઓને ઉચાપતમાં જવાબદાર ઠેરવેલા અને તા. ૦૧/૦૪/૨૦૦૨ થી રકમ ભરપાઈ ન થાય ત્યાં સુધી ૧૮% ના વ્યાજ સાથે મંડળીમાં ભરપાઈ કરવાનો હુકમ થયેલો. જેમાં દરેકના ભાગે રૂા. ૬૨,૨૨૨.૭૩ પૈસા આવતા હતા. એ વાત ખરી છે કે, મેં આ રકમ આજદિન સુધી ભરપાઈ કરેલ નથી. એ વાત ખરી છે કે, હું જ્યારે મેનેજરની જગ્યા ઉપર હતો ત્યારે સંસ્થાનો વહીવટ આ બનાવ પછી કથળી ગયેલો. એ વાત ખરી છે કે, તપાસ અધિકારીના તપાસ રીપોર્ટના આધારે રૂા. ૬૨,૨૨૨.૭૫ પૈસા ખાતરના વેચાણની અવ્યવસ્થાના કારણે મારી જવાબદારી નક્કી થયેલ હોય મને તા. ૧૫/૦૪/૨૦૦૫ ના રોજ સંસ્થામાંથી દુર કરવાનો હુકમ વહીવટદાર શ્રી બી.એસ.બારોટ સાહેબે કરેલો જે હુકમની નકલ મને મળેલી છે અને તે દસ્તાવેજ આ કામે નિ. ૧૧/૧ થી રજુ છે.

આમ આ સાહેદની ઉપરોક્ત ઉલટ તપાસ જોતાં તેઓ જણાવે છે કે, તેઓ

સંસ્થામાં મેનેજર તરીકે હોદ્દો ધરાવતા હતા અને તેઓની વિરૂધ્ધ ખાતરના વેચાણમાં ગેરરીતી જણાયેલ જે સંદર્ભે તેઓને કસુરવાર ઠેરવેલા છે તેમજ તેઓને તેમના ભાગના રૂા. ૬૨,૨૨૨.૭૫ પૈસા તા. ૦૧/૦૪/૨૦૦૨ થી રકમ ભરપાઈ ન થાય ત્યાં સુધી ૧૮% ના વ્યાજ સાથે ભરવા માટે જવાબદાર ઠેરવેલા છે. વિશેષમાં તેઓએ આ રકમ આજદિન સુધી સંસ્થામાં જમા કરાવેલ નથી તેમજ એવું પણ કબુલ રાખે છે કે, તેઓ મેનેજરના હોદ્દા ઉપર હતા ત્યારથી સંસ્થાનો વહીવટ કથળી ગયેલો.

વિશેષમાં આ સાહેદની ઉલટ તપાસમાં તેઓ જણાવે છે કે, તા. ૨૩/૧૨/૧૯૮૫ ના રોજનો પ્રથમ પક્ષકાર મંડળીનો ઠરાવ નં. ૧૧ માં જણાવ્યા પ્રમાણેની કામગીરી મારે કરવાની હતી જેમાં મારે સાધારણ સભાની તથા વ્ય. કમિટીની સભાઓ બોલાવવાની, દરેકે દરેક કર્મચારીની કામગીરી પર દેખરેખ રાખવાની, સંસ્થાને લગતી તમામ ફરજોમાં તેમજ કમિટી જે કાંઈ ફરજો નક્કી કરે તેમાં ક્ષતિ જણાય તો જેતે કર્મચારીને લેખિત નોટીસ આપવાની, ક્ષતિઓ અંગે કમિટીને જાણ કરવાની, ઓડીટ નોંધ, ઈન્સ્પેક્શન નોંધ તથા વિઝીટબુકમાં જણાવેલ ખામીઓ સુધારવા પગલાં ભરવાના તેમજ ખાતા તરફથી અને બેંક તરફથી જે કંઈ હકીકતો માંગે તે સત્વરે પુરી કરવાની હતી. મારા હાથ પર હું રોજબરોજ રૂા. ૩૦,૦૦૦/- ની સિલક રાખી શકતો હતો. વિશેષમાં એવું પણ કબુલ રાખે છે કે, એ વાત ખરી છે કે, હું મેનેજરની જગ્યા ઉપર કામ કરતો હતો. તે જગ્યા જવાબદારીવાળી જગ્યા છે. એ વાત ખરી છે કે, રોજબરોજના કામની દેખરેખ રાખવાની જવાબદારી મારી હતી. એ વાત ખરી છે કે, કોઈપણ કર્મચારીની રજા મંજુર કરવાની સત્તા પણ મારી હતી. એ વાત ખરી છે કે, કોઈ કર્મચારી ભુલ કરે તો તેને નોટીસ આપવાની પણ મને સત્તા હતી. એ વાત ખરી છે કે, મારી પાસે સંપૂર્ણ રકમનો વહીવટ હોય બીજા કર્મચારીને પગાર પણ મારે ચુકવવાનો હતો. એ વાત ખરી છે કે, મારા હાથ નીચે જેતે સમયે ૧૭ કર્મચારીઓ કામ કરતા હતા. આ કર્મચારીઓની રજા મંજુર કરવાની સત્તા મને હતી તેમજ કર્મચારીઓ વિરૂધ્ધ શિક્ષાત્મક પગલાં લેવાની સત્તા પણ મને હતી. આમ આ કામે બીજા પક્ષકાર

એટલેકે શ્રમયોગીની ઉલટ તપાસ જોતાં એ હકીકત સ્પષ્ટ થાય છે કે, તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં મેનેજર તરીકે ફરજ બજાવતા હતા. તેઓના હાથ નીચે ૧૭ કર્મચારીઓ ફરજ બજાવતા હતા. આ તમામ કર્મચારીઓ વિરૂધ્ધના તમામ નિર્ણય લેવાની તેઓને સત્તા હતી. તેઓને તેમનો પગાર, રજા, નિયમિતતા, શિસ્તતા કે કામમાં ખામી બદલ જરૂરી નોટીસ(શિક્ષાત્મક કાર્યવાહી) કરવાની પણ સત્તા હતી. આ કામે પ્રથમ પક્ષકારની મહત્વની દલીલ એવી છે કે, આ કામના શ્રમયોગી અમો પ્રથમ પક્ષકાર સંસ્થામાં મેનેજર તરીકેના હોદ્દા ઉપર હોય તેઓ કામદારની વ્યાખ્યામાં આવતા નથી. સામાન્ય સંજોગોમાં રેફરન્સના નિર્ણય વખતે કામદાર-માલિકનો સંબંધ હોવો એ નિર્ણયાત્મક બાબત છે. અહીં આઈ.ડી.એક્ટની કલમ-૨(એસ) માં જે કામદારની વ્યાખ્યા આપવામાં આવેલ છે તે વંચાણે લઈએ તો, કામદાર એટલે ભાડેથી અથવા બદલી આપીને કોઈપણ શારિરીક, બિનકસબી, કસબી, ટેકનીકલ, શસ્ત્રક્રિયા, કારકુની અથવા સુપરવાઈઝરી કામ કરવા માટે કામે રાખેલ વ્યક્તિ. પરંતુ તેના અપવાદમાં, કાયદામાં સ્પષ્ટ જણાવેલ છે કે, નીચે મુજબની વ્યક્તિઓનો કામદારમાં સમાવેશ થતો નથી. જેના પેટા કલમ-૨/એસ(૪) મુજબ જેને સુપરવાઈઝરી હેસીયતમાં કામે રાખેલ હોય અને દર મહીને રૂા. ૧૬૦૦/- વધુ વેતન મેળવતી હોય અથવા તેના હોદ્દા સાથે જોડાયેલી ફરજો એવા પ્રકારની હોય અથવા તેમાં નિહીત થયેલી સત્તાને કારણે મુખ્યત્વે વ્યવસ્થાપકના કાર્યો બજાવતી હોય તે વ્યક્તિ. અહીં હાલના કામદાર પોતે જ પોતાની ઉલટ તપાસમાં કબુલ રાખે છે કે, તેઓ મેનેજરના હોદ્દા ઉપર હતા, તેઓના હાથ નીચે ૧૭ જેટલા કર્મચારીઓ હતા તેમજ અગાઉ ચર્ચા કરી તે મુજબ આ તમામ કર્મચારીઓની રજાઓ, પગાર, શિસ્ત, કામની નિયમિતતા વિગેરે બાબતોનું નિયંત્રણ તેમજ દેખરેખ રાખવાની જવાબદારી તેઓની હતી. આ સંજોગો જોતાં તેઓ મેનેજર તરીકે ફરજ બજાવી રહેલા છે. આ સંજોગોમાં આઈ.ડી. એક્ટની કલમ-૨(એસ) મુજબ તેઓ કામદારની વ્યાખ્યામાં આવતા નથી તેવું માની શકાય.

આઈ.ડી.એક્ટ અન્વયે થયેલ રેફરન્સમાં પ્રાથમિક રીતે માલિક અને કામદારનો

સંબંધ પ્રસ્થાપિત થાય ત્યારબાદ બીજા મહત્વના મુદ્દાઓ જેવા કે, ગેરકાયદેસર છટણી થયેલ છે કે કેમ? તેની ચર્ચા કરવાની રહે છે પરંતુ અહીં હાલના શ્રમયોગી પોતે કામદાર છે તેવું પુરવાર થતું નથી.

આ કામે બીજા પક્ષકારે સહકારી ગ્રાહક ભંડાર લી. ના પેટા નિયમો રજુ કરવામાં આવેલ છે. જે વંચાણે લેવામાં આવેલ છે જે અન્વયે મેનેજર અને પ્રમુખની ફરજોનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. અહીં પ્રમુખ અને મેનેજરની ફરજો જોતાં એવી કોઈ નક્કર હકીકત સ્પષ્ટ નથી થતી કે, હાલના બીજા પક્ષકાર આ પેટા નિયમ આધારે મેનેજરની વ્યાખ્યામાં સમાવેશ ન થતાં કામદારની વ્યાખ્યામાં આવે છે. તેઓએ રજુ કરેલ પેટા નિયમો જોતાં તેમાં મેનેજરની ફરજો, તેમની કામગીરી બાબતનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. ખરેખર કામદાર મેનેજર ન હોય તો આ બાબત તેઓએ અદાલતમાં પુરવાર કરવી પડે પરંતુ આ પેટા નિયમો આધારે એવી કોઈ નક્કર હકીકત બહાર આવતી નથી.

વિશેષમાં આ કામે આ કામના પ્રથમ પક્ષકારનાએ આંક : ૩૨ થી સોગંદ ઉપર જુબાની આપી પોતાના જવાબની હકીકતોને સમર્થન પુરૂ પાડેલ છે. હવે તેમની ઉલટ તપાસ જોઈએ તો એવી કોઈ નક્કર હકીકત બહાર આવેલ નથી કે જેથી હાલના શ્રમયોગી મેનેજર તરીકે ન હોય પરંતુ આ સાહેદ ઉલટ તપાસમાં પણ બીજા પક્ષકાર મેનેજર હતા, તેઓની નીચે ૧૫ થી ૧૭ કર્મચારીઓ હતા તેમજ બીજા પક્ષકાર વિરૂધ્ધ વહીવટી અનિયમિતતાઓ બહાર આવેલી જેમાં રજીસ્ટ્રારશ્રીએ તપાસની કાર્યવાહી કરેલી. જેમાં હાલના શ્રમયોગીની પણ જવાબદારી નક્કી થયેલી જેમાં રૂા. ૬૨,૦૦૦/- જેટલી રકમની જવાબદારી ફીક્સ થયેલી. આ કામે બન્ને પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ ....... અને ..... ના દસ્તાવેજો ધ્યાને લેવામાં આવેલા છે. મુખ્યત્વે હાલના શ્રમયોગીએ પોતાના રેફરન્સને સંલગ્ન દસ્તાવેજો રજુ કરેલા. જ્યારે પ્રથમ પક્ષકાર સંસ્થાએ હાલના શ્રમયોગીની ઉચાપત અંગેની જવાબદારી તેમજ તે અંગેના જુદા-જુદા ઠરાવો, આરોપનામુ વિગેરે રજુ કરેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે.

ત્યારબાદ બન્ને પક્ષે મૌખિક દલીલો સાંભળી બીજા પક્ષકાર તરફે મુખ્યત્વે એવી રજુઆત છે કે, તેઓની ઉંમર પ્રમાણે તેઓ નિવૃત્તિ વય વટાવી ચુક્યા છે જેથી અમોને રીઈન્સ્ટેટ કરવાને બદલે લમસમ રકમ ચુકવવી જોઈએ અને જે પૈકી અમો બાકી રકમ પ્રથમ પક્ષકાર સંસ્થામાં જમા કરાવીશું, જ્યારે પ્રથમ પક્ષકારની દલીલ એવી છે કે, આ કામે હાલના શ્રમયોગી કામદારની વ્યાખ્યામાં આવતા નથી. મેનેજરનો હોદ્દો ધરાવતા હતા, તેઓના હાથ નીચે ૧૭ જેટલા કર્મચારીઓ હતા તે તમામનુ સંચાલન તેઓ કરતા હતા જેથી કામદારની વ્યાખ્યામાં સમાવેશ થતો ન હોય રેફરન્સ રદ કરવો જોઈએ. વિશેષમાં તેઓ વિરૂધ્ધ ઉચાપતનો આક્ષેપ પુરવાર થયેલ છે જે શ્રમયોગી પણ કબુલ રાખે છે. આમ આવા ગંભીર પ્રકારના આક્ષેપ થયેલા હોય ત્યારે આવા કર્મચારીઓ વિરૂધ્ધના રેફરન્સ રદ કરવા જોઈએ તેવી રજુઆત કરેલ છે.

આ કામે પ્રથમ પક્ષકાર તરફે ૨૦૧૭ સી.જે. (ગુજરાત) ૧૩૨૯ તેમજ ૨૦૧૭ સી.જે. (એસ.સી.) ૨૯૭ ના ચુકાદાઓ આ કામના કેસના સંજોગો સાથે સરખાવવામાં આવેલ છે, તેઓ સાથે સુસંગત હોય લાગુ પડે છે અને તે ચુકાદાને પણ ઘ્યાને લઈ અને બન્ને પક્ષે રજુ થયેલ પુરાવા, દસ્તાવેજો, મૌખિક જુબાની તેમજ દલીલોને ઘ્યાને લેતાં પ્રથમ પક્ષકારની દલીલ સાથે આ અદાલત સહમત થાય છે અને બીજા પક્ષકાર આઈ.ડી.એક્ટની કલમ-૨(એસ)(૪) મુજબ મેનેજરનો હોદ્દો ધરાવતા હોય તેઓ નીચે ૧૭ જેટલા કર્મચારીઓની વ્યવસ્થાપનની કામગીરી હોય તેઓ કામદારની વ્યાખ્યામાં ગણી શકાય તેમ નથી. આ સંજોગોમાં ઉપરોક્ત થયેલ ચર્ચા, રજુ થયેલ આધારભુત પુરાવાઓ, દલીલો વિગેરે ઘ્યાનમાં લેતાં મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: <u>હુ ક મ</u> :-**

(૧) બીજા પક્ષકારનો રેફરન્સ નં. ૫૮/૨૦૦૫ નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**Date : 14/02/2018**
**Place : ANAND**

**MR. YUNUSSALIM G. MANSURI**
**GJ00560**
**PRESIDING OFFICER**
**(Judge)**
**LABOUR COURT, ANAND.**

**K.K.PRANKADA : PA**